# અંકુશરેખા પર હુમલામાં પાકિસ્તાની સેના સામેલ : એન્ટોની

નવી દિલ્હી,તા. ૮

પૂંચ સેક્ટરમાં પાકિસ્તાનના હુમલામાં પાંચ ભારતીય જવાનો શહીદ થયા બાદ આ અંગે



સંરક્ષણમંત્રી એકે એન્ટોનીએ આજે લોકસભામાં નવુ નિવેદન આપ્યુ હતુ. જેમાં એન્ટોનીએ કહ્યુ હતુ કે પુંચ સેક્ટરમાં અંકુશરેખા પર કરાયેલા હુમલાને પાકિસ્તાની સેનાના જવાનોએ અંજામ આપ્યો હતો. સ્પેશિયલ આર્મીના લોકો હુમલામાં સામેલ હતા. એન્ટોનીએ કહ્યુ હતુ કે પાકિસ્તાની સેનાની મદદ વગર સરહદ પર આ પ્રકારની ઘટનાને અંજામ આપી શકાય નહીં. એન્ટોનીએ એવી ચેતવણી પણ આપી હતી કે પાકિસ્તાન અમારા ધૈર્યની પરીક્ષા ન લે. એન્ટોનીના નિવેદનબાદ આખરે ઉભા થયેલા વિવાદનો અંત આવ્યો હતો. આ અગાઉ એન્ટોનીએ જે નિવેદન આપ્યુ હતુ તેને લઈને સંસદમાં ભારે હોબાળો મચી ગયો હતો. એન્ટોનીએ કહ્યુ હતુકે જ્યારે સંસદમાં કોઈ નિવેદન આપે છે ત્યારે ખૂબજ સાવધાનીપૂર્વક આપે છે. સેનાના વડા જનરલ વિક્રમસિંહ સાથે વાતચીત કર્યા બાદ એન્ટોનીએ આજે નવું નિવેદન કર્યુ હતુ. એન્ટોનીએ એમ પણ કહ્યુ હતુ

કે પાકિસ્તાની સેનાના લોકો સરહદ પર ગતિવિધિઓમાં સામેલ રહ્યા છે. રાજ્યસભામાં આજે ભારે હોબાળો રહ્યો હતો. આ મુદ્દો આજે પણ તીવ્રરીતે ચગાવવામાં આવ્યો હતો. આગામી મહિને ન્યૂયોર્કમાં સંયુક્તરાષ્ટ્ર મહાસભાની બેઠકના ભાગરૂપે નવાઝ શરીફ ભારતના વડાપ્રધાન મનમોહનસિંહને મળનાર છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે અટવાઈ પડેલી દ્વિપક્ષીય વાતચીતને શરૂ કરવાના પ્રયાસો શરૂ થઈ રહ્યા છે ત્યારે અંકુશરેખા પર બનેલા બનાવથી ફરી એકવાર દ્વીપક્ષીય વાતચીત આડે સંકટના વાદળો ઘેરાઈ ગયા છે. કારણ કે મોટાભાગના રાજકીય પક્ષો વાતચીત માટે તૈયાર દેખાઈ રહ્યા નથી. બીજી બાજુ શહીદ થયેલા જવાનોના પરિવારના સભ્યો પણ પાકિસ્તાન સાથે તમામ પ્રકારના સંબંધો તોડી લઈને કઠોર કાર્યવાહી કરવાની માંગણી કરી રહ્યા છે. આવા સમયમાં પાકિસ્તાન સાથે કોઈ પણ પ્રકારની દ્વીપક્ષીય વાતચીત સરકારને વધુ મુશ્કેલીમાં મુકી શકે છે. જેથી સરકાર સાવધાનીપૂર્વક આગળ વધે તેવી વકી છે.

## એન્ટોનીએ આખરે ભૂલ સ્વીકારી : ભાજપ

એલઓસી પર હુમલામાં પાકિસ્તાની સૈનિકોની સંડોવણી હોવાની સંરક્ષણપ્રધાન એકે એન્ટોનીએ કબૂલાત કરી લીધા બાદ ભાજપે આજે આ અંગે ખુશી વ્યક્ત કરી હતી અને ભારતીય સૈનિકોના મોતના મામલામાં યોગ્ય જવાબ આપવાના મુદ્દે સરકારને ટેકો આપવાની ખાતરી આપી હતી. ભાજપે કહ્યુ હતુકે સંરક્ષણ પ્રધાન તેમની ભૂલ સ્વીકારી રહ્યા છે અને તેમાં સુધારો કરી રહ્યા છે. જેથી અમે ખુશ છીએ.



લોકસભામાં વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજે ગૃહમાં એન્ટોનીના નવા નિવેદન બાદ તરત જ કહ્યુ હતુકે એન્ટોની એમની ભૂલ સ્વીકારી ચુક્યા છે અને તેમાં સુધારો કરી ચુક્યા છે. પાકિસ્તાની સેનાની સંડોવણી હતી તે વાત કબૂલી ચુક્યા છે. કોંગ્રેસની ઝાટકણી કાઢતા સુષ્મા સ્વરાજે કહ્યુ હતુ કે ભારતીય સૈનિકોના મોતના મામલામાં ભાજપ દ્વારા કોઈ રાજનીતિ રમવામાં આવી નથી. આ પ્રકારના આક્ષેપો બિલકુલ પાયા વગરના છે.

છઠ્ઠી ઓગસ્ટના દિવસે કરવામાં આવેલા સંરક્ષણ મંત્રીના નિવેદનમાં સુધારો કરવામાં આવે તેવા પ્રયાસો ભાજપ દ્વારા કરાયા હતા. સ્વરાજે એમ પણ કહ્યુ હતુકે વિરોધ પક્ષો રાજનીતિ રમી રહ્યા નથી પરંતુ આ મુદ્દે દેશની કટિબદ્ધતા વ્યક્ત કરવામાં આવે તેવી ઈચ્છા રાખી રહ્યા હતા. આ પ્રકારના કૃત્યો પાકિસ્તાન ફરી ન કરે તેવો કડક સંદેશ પાકિસ્તાનને પહોંચે તે જરૂરી છે. સ્વરાજે એવો સંકેત આપ્યો હતો કે ભાજપ અને એનડીએના સાથી પક્ષ શિવસેના માટે આ મામલો હવે પૂર્ણ થઈ ગયો છે. એન્ટોનીના નિવેદનથી અમે નાખુશ હતા. સેનાના નેતા અનંતગીતેએ કહ્યુ હતુ કે ભારતે આવી સ્થિતિમાં પાકિસ્તાન સાથે કોઈ વાતચીત કરવી જોઈએ નહીં. આરજેડીના સભ્યો તરીકે લોકસભામાં હાલમાં પરત ફરેલા પ્રભુનાથસિંહે કહ્યુ હતુકે શહીદ થયેલા જવાનો પૈકીના ચાર બિહારના હતા. યશવંતસિંહાએ પણ કેટલાક ખુલાસાની માંગ કરી હતી. ઘણા સભ્યોએ આ મુદ્દા પર ચર્ચાની માંગ કરી હતી. જો કે લોકસભાના અધ્યક્ષ મીરાકુમારે કહ્યુ હતુ કે પ્રધાનના નિવેદન બાદ કોઈ પણ પ્રશ્નોની મંજુરી આપવામાં આવશે નહીં. પાકિસ્તાની સૈનિકો દ્વારા કરાયેલા હુમલા બાદથી સંસદના બંને ગૃહોમાં પણ આ મુદ્દો ઉઠાવવામાં આવી રહ્યો હતો. એન્ટોનીએ આજે નિવેદન સુધારતા ભાજપ સંતુષ્ટ છે.

## પૂંચમાં ઘૂસણખોરીનો વધુ એક પ્રયાસ : તપાસ કામગારી જારી

નવી દિલ્હી,તા. ૮

**સરહદ સુરક્ષાદળ (બીએસએફ)ના જવાનોએ જમ્મુ કાશ્મીરમાં પુંચ સેક્ટરમાં પાકિસ્તાની સૈનિકો દ્વારા કરવામાં આવેલા ઘૂસણખોરીના પ્રયાસને આજે નિષ્ફળ બનાવી દીધો હતો. અહેવાલમાં જણાવવામાં આવ્યુ છે કે વહેલી સવારે ૫.૩૦ વાગ્યની આસપાસ પૂંચ સેક્ટરમાં સરહદની પાકિસ્તાની બાજુથી ઘૂસણખોરીનો આ પ્રયાસ કરાયો હતો જેને બીએસએફના જવાનો દ્વારા નિષ્ફળ બનાવી દેવામાં આવ્યો હતો. બલાડ સરહદી ચોકી પર ફરજ બજાવી રહેલા બીએસએફના જવાનોએ કેટલાક આતંકવાદીઓની હિલચાલને વહેલીસવારે નિહાળી હતી. શરણાગતિ સ્વીકારી લેવા તેમને પડકાર ફેંકવામાં આવતા આ લોકોએ ગોળીબાર કરીને સરહદમાં ઘૂસવાનો પ્રાયસ કર્યો હતો. અધિકારીએ કહ્યુ છે કે અમારા સૈનિકોએ તેમના પર જવાબી કાર્યવાહી કરી હતી. આ ગોળીબાર અડધા કલાક સુધી જારી રહ્યો હતો. ઘૂસણખોરો જવાનોના ગોલીબાર બાદ પાછા ભાગી ગયા હતા. વ્યાપક સર્ચ કામગીરી ત્યારબાદ હાથ ધરવામાં આવી હતી. આ વિસ્તારમાંથી કોઈ ઘૂસણખોર ભારતીય સરહદમાં ઘૂસી ગયો છે કે કેમ તેને લઈને તપાસ ચાલી હતી. ઘૂસણખોરીના પ્રયાસ તાજેતરમાં ફરી એકવાર વધી ગયા છે. પાકિસ્તાની સૈનિકોએ હાલમાં જ ઘૂસણખોરી કરીને પાંચ ભારતીય જવાનોને મોતને ઘાટ ઉતારી દીધાના ત્રણદિવસ બાદ ઘૂસણખોરીનો આ પ્રયાસ કરાયો હતો.**

## અમેરિકી ગ્રીન કાર્ડ મેળવનારની સંખ્યામાં થયેલો છ ગણો વધારો

નવી દિલ્હી, તા.૮

અમેરિકામાં ગ્રીન કાર્ડ મેળવવા માટેના સ્વપ્ન ધરાવનાર લોકો માટે સારા સમાચાર છે. કારણ કે ગ્રીન કાર્ડ મેળવનાર ભારતીય લોકોની સંખ્યમાં અનેક ગણો વધારો હાલમાં થયો છે. આંકડા દર્શાવે છે કે વર્ષ ૨૦૧૨માં એચ-૧બી વીઝા ધરાવનાર ૩૫૪૭૨ ભારતીયો અમેરિકી ગ્રીન કાર્ડ મેળવવામાં સફળ રહ્યા છે. વર્ષ ૨૦૧૧માં આ ાંકડો માત્ર ૬૦૦૦ સુધીનો હતો. આનો મતલબ એ થયો કે અમેરિકાની ઓબામા સરકાર ગ્રીન કાર્ડ આપવાના મામલે ઉદાર બનેલી છે. આ વર્ષમાં તમામ દેશો માટે એચ-૧બી ધરાવનારને જારી કરવામાં આવેલા તમામ ગ્રીન કાર્ડમાં તીવ્ર વધારો થયો છે. અન્ય દેશોના લોકોને પણ મોટા પાયે ગ્રીન કાર્ડ મળ્યા છે. સામાન્ય માન્યતા એવી છે કે અમેરિકા નવી ઈમિગ્રેશન જોગવાઈ સાથે વિદેશી નાગરિકોને દુર રાખવા માટે ઈચ્છે છે પરંતુ આંકડા દર્શાવે છે કે ગ્રીન કાર્ડ મેળવનાર લોકોની સંખ્યામાં વધારો થયો છે. માન્યતામાં વાસ્તવિકતા ઓછી છે. આ બાબત ઓછા કુશળ વિદેશી વર્કરોના કેસમાં જ લાગુ પડી રહી છે. હકીકતમાં અમેરિકાની ઓબામા સરકાર વિશ્વભરમાંથી કુશળ લોકોને તક આપીને સ્થાયી કરવાની યોજના ધરાવે છે. આના માટે આકર્ષક પગલા લેવામાં આવી રહ્યા છે. અમેરિકાની આ યોજનાથી સૌથી મોટો ફાયદો ભારતીય લોકોને થશે. કારણ કે કુશળ લોકોની યાદીમાં ભારતીયો સૌથી આગળ રહ્યા છે. ગ્રીન કાર્ડ મળ્યા બાદ એક નાગરિકને રહેવા અને અમેરિકામાં કોઈ પણ જગ્યાએ કામ કરવાની તક મળી જાય છે અને તે અમેરિકી નાગરિક તરીકે ગણવામાં આવે છે. એચ-૧બી વીઝાના આધાર પર કંપની એક કમીને બોલાવે છે. આંકડામાં જણાવાયુ છે કે વર્ષ ૨૦૧૨માં અમેરિકામાં ગ્રીન કાર્ડ મેળવનાર મોટા ભાગના ભારતીયો ઈબી-૨ કેટેગરીના છે. જેમાં વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અનેગણિતમાં એડવાન્સ ડિગ્રી ધરાવનાર પ્રોફેશનલો સામેલ છે. યુએસ સીટીઝનશીપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસ પાસેથી મળેલા નવા આંકડામાં મહત્વની બાબત જાણવા મળી છે. અમેરિકામાં હાલ નવા બિલને લઈને ભારે ચર્ચા રહી છે જેમાં નાગરિકતા ઉપલબ્ધ કરાવીને અમેરિકામાં નોલેજ વર્કરોને આકર્ષિત કરવા પર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરાયુ છે. ગ્રીન કાર્ડ મેળવવા માટે તમામ વિદેશી લોકોનું એક સ્વપ્ન રહે છે. અમેરિકા હંમેશાથી જ સ્પર્ધાત્મકરીતે વિશ્વના અન્ય દેશો કરતા આગળ રહેવા ઈચ્છુક રહે છે આ જ કારણસર આરએન્ડડી પર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરે છે. નોલેજ અર્થતંત્રમાં ભૂમિકા અદા કરી શકે તેવા લોકોનું અમેરિકા હંમેશા સ્વાગત કરે છે. ખાસ કરીને જુદા જુદા ક્ષેત્રોમાં વિશેષ કુશળતા ધરાવનાર લોકોને વધુ પ્રાથમિકતા આપવામાં આવે છે. એડવાન્સ ડિગ્રી ધરાવનાર અને ઘણા ક્ષેત્રોમાં નિષ્ણાંત રહેલા ભારતીયોની અમેરિકામાં ખૂબ માંગ છે. એક વર્ષમાં ગ્રીન કાર્ડ મેળવનારની સંખ્યા કુલ ઉપલબ્ધ ગ્રીન કાર્ડ કરતા સાત ટકાથી વધુ હોઈ શકે નહીં. ભારત, ચીન, મેક્સિકો અને ફિલિપાઈન્સમાં જન્મેલા લોકો સુધી મર્યાદા રાખવામાં આવી છે. આ દેશોમાંથી મોટી સંખ્યામાં અરજીઓ કરવામાં આવે છે. અન્ય દેશોમાંથી એક વર્ષમાં ઉપયોગ નહીં કરાયેલા આંકડા ખૂબ મોટા છે. યુએસ વિઝા ઓફિસ વર્ષના અંતે જરૂરી માહિતી મેળવે છે.

## શહીદ થયેલા જવાનોના પૂર્ણ સન્માન સાથે અંતિમ સંસ્કાર

પટણા,તા. ૮

જમ્મુ કાશ્મીરના અંકુશરેખા પર પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવેલા છુપા હુમલામાં શહિદ થયેલા પાંચ ભારતીય જવાનોના આજે સંપૂર્ણ રાજકીય સન્માન સાથે અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. મોટી સંખ્યામાં સેનાના અધિકારીઓ અને જવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. સંબંધિત ગામોમાં તેમના અંતિમસંસ્કાર કરતા પહેલા ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યુ હતુ. હજારો લોકોની હાજરીમાં આ તમામ જવાનોના અંતિમસંસ્કાર કરાયા હતા. પાકિસ્તાન સામે જોરદાર સૂત્રોચ્ચાર કરાયા હતા અને સૈનિકોના મોતના બદલામાં કઠોર કાર્યવાહી કરવાની માંગ પણ થઈ હતી. શહીદ થયેલા જવાનો પૈકીના ચાર જવાનો ૨૧ બિહાર રેજીમેન્ટના હતા. તેમના મૃતદેહ ખાસ એરફોર્સના વિમાન દ્વારા ગઈકાલે મોડી રાત્રે ૧૦.૦૦ વાગ્યે પટણા લાવવામાં આવ્યા હતા. બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે ચારેય શહીદ જવાનોના સંપૂર્ણ રાજકીય સન્માન સાથે અંતિંમસંસ્કારની જાહેરાત કરી હતી. સાથે સાથે દરેક પરિવાર માટે ૧૦-૧૦ લાખ રૂપિયાનું વળતર પણ જાહેર કર્યુ હત. આ ઉપરાંત પાકિસ્તાન સામે કઠોર કાર્યવાહી કરવાની માંગ કરી હતી. હુમલામાં બિહારના ચાર અને મહારાષ્ટ્રના અન્ય એક જવાને શહીદી વહોરી હતી. પાંચમો જવાન મહારાષ્ટ્રના કોલાપુરના માનેનો હતો જ્યારે સિપાહી વિજયકુમાર રાય અને નાયક પ્રેમનાથસિંહના સંપૂર્ણરાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરાયા હતા. બિહારના સારન જિલ્લાના રાયના સમહોતા ગામમાં અંતિમ સંસ્કાર કરાયા હતા. જ્યારે પ્રેમનાથના અંતિસંસ્કાર તેમના વતન ગામ પટણાના બિહતા ખાતે કરાયા હતા. શહીદ શંભૂશરણ રાયના અંતિમસંસ્કાર અરાના જગદીશપુર ખાતે કરાયા હતા.

## ગેંગસ્ટર અબુ સાલેમની વિરુદ્ધ આગામી સપ્તાહથી ટ્રાયલ શરૂ

મુંબઈ,તા. ૮

વર્ષ ૧૯૯૩ના મુંબઈ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસમાં ટ્રાયલ હવે આગામી સપ્તાહમાં શરૂ થશે. અન્ડરવર્લ્ડ ડોન અબુ સાલેમ સામે ટ્રાયલ ખાસ ટાડા કોર્ટમાં શરૂ કરવામાં આવશે. અબુ સાલેમ સામે ટ્રાયલને લઈને હવે તમામ પ્રકારની શંકાઓ દૂર થઈ ચુકી છે. અબુ સાલેમના વકીલને તારીખ અંગે ટૂંકમાં જ જાણ કરવામાં આવશે. સોમવારના દિવસે સુપ્રીમ કોર્ટે તેની સામે તમામપ્રકારની કાર્યવાહીને રદ કરવાની માંગ કરતી અબુ સાલેમની અરજીને ફગાવી દીધી હતી. અગાઉ પોર્ટુગલની સુપ્રીમ કોર્ટે ભારતમાં તેના પ્રત્યાર્પણને રદ કરવાનો આદેશ કર્યા બાદ અબુ સાલેમે સુપ્રીમ કોર્ટમાં તેની સામે કાર્યવાહીને રદ કરવાની માંગણી કરીને અરજી કરી હતી જો કે સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યુ હતુકે પોર્ટુગલના કાયદા ભારતમાં લાગુ થતા નથી. નવેમ્બર ૨૦૦૫માં તેના



પ્રત્યાર્પણના સમયે અબુ સાલેમ આઠ કેસોમાં વોન્ટેડ હતો. અબુ સાલેમને તેની ગર્લફ્રેન્ડ અને વીતેલા વર્ષોની અભિનેત્રી મોનિકા બેદી સાથે ભારત લાવવામાં આવ્યો હતો. મોનિકા બેદીને પણ મોડેથી ફોર્જરી કેસમાં દોષિત ઠેરવવામાં આવી હતી જો કે તેને જામીન મળી ગયા હતા. મોનિકા બેદી લિસ્બનમાં અબુ સાલેમ સાથે બનાવટી દસ્તાવેજના આધાર પર ફરી હતી. સીબીઆઈ અને ભારત સરકાર દ્વારા લાંબી કાયદાકીય પ્રક્રિયાના અંતે અબુ સાલેમને ભારત લાવવામાં સફળતા મળી હતી. અબુ સાલેમને ભારત લાવવામાં આવ્યો ત્યારે કેટલીક ખાતરી સીબીઆઈ અને સરકાર તરફથી અપાઈ હતી જેના ભાગરૂપે એવી ખાતરી પણ અપાઈ હતી કે અબુ સાલેમને મૃત્યુદંડની સજા કરવામાં આવશે નહીં. અબુ સાલેમ સામે ટ્રાયલને લઈ ફરી એકવાર સ્થિતિ ગરમ થઈ ગઈ છે. ગેંગસ્ટર અબુ સાલેમના તેની સામે તમામ કેસોને પડતા મુકવાની માંગ ફગાવી દેવાઈ છે. ગેંગસ્ટર હાલ જેલમાં છે.

## કારોબારના અંતે સેન્સેક્સ ૧૨૪ પોઈન્ટ સુધરીને ૧૮૭૮૯ની સપાટી ઉપર

મુંબઈ,તા. ૮

શેરબજારમાં બે દિવસ સુધી જોરદાર મંદી રહ્યા બાદ આજે રિબાઉન્ડની સ્થિતિ રહી હતી. કારોબારના અંતે સેન્સેક્સ ૧૨૪ પોઈન્ટ સુધરીને ૧૮૭૮૯ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૪૬ પોઈન્ટ સુધરીને ૫૫૬૫ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧.૩ ટકાનો સુધાર રહ્યો હતો. છેલ્લા બે દિવસમાં તીવ્ર મંદી રહ્યા બાદ આજે ઈન્ડેક્સ હેવીવેટમાં શોર્ટ કવરીંગની સ્થિતિ રહી હતી. શેર અને સેક્ટરની વાત કરવામાં આવે તો હેલ્થકેર અને ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સ સિવાય તમામ સેક્ટરલ ઈન્ડેક્સમાં તેજી રહી હતી. આ તમામમાં ૦.૪ ટકા સુધીનો ઉછાળો નોંધાયો હતો. મેટલ અને રિયાલિટી ઈન્ડેક્સમાં ૨.૬ ટકા અને ૨.૩ ટકા સુધીનો સુધારો રહ્યો હતો. જ્યારે પાવર, ઓટો અને ટેકમાં એક-એક ટકાનો સુધારો જોવા મળ્યો હતો. બીજી બાજુ હેલ્થકેર અને ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં ૦.૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. સેન્સેકસના જે શેરમાં સૌથી વધુ તેજી રહી હતી તેમાં હિન્ડાલ્કો, તાતા સ્ટીલ, સ્ટરલાઈટ અને જિંદાલ સ્ટીલનો સમાવેશ થાય છે. આ તમામમાં સૌથી વધુ તેજી રહેતા કારોબારીઓ ખુશ દેખાયા હતા. આમાં ૧થી ૫ ટકા સુધીનો સુધારો રહ્યો હતો. મારૂતિ સુઝુકી, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, બજાજ ઓટો જેવા ઓટોના શેરમાં ૦.૩થી ૪ ટકા સુધીનો સુધાર રહ્યો હતો. અન્ય જે શેરમાં નોંધપાત્ર તેજી રહી હતી તેમાં શિપ્લા, ભારતી એરટેલ, કોલ ઈન્ડિયા, ટીસીએસ, ભેલનો સમાવેશ થાય છે. માર્કેટ બ્રિડથ આજે હકારાત્મક રહી હતી. ૧૩૭૯ શેર તેજીમાં રહ્યા હતા જ્યારે ૮૬૯ શેરમાં મંદી રહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે શેરબજારમાં ગઈકાલે મંદીનું મોજુ ફરી વળ્યુ હતુ. કારોબારના અંતે સેન્સેક્સ ૬૮ પોઈન્ટ ઘટીને ૧૮૬૬૫ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૨૩ પોઈન્ટ ઘટીને ૫૫૧૯ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં પણ સ્થિતિ અફડાતફડીવાળી રહી હતી. જો કે અંતે મિડકેપ અને સ્મોલકેપમાં એક-એક ટકાનો સુધારો જોવા મળ્યો હતો.

### ડોલર સામે રૂપિયામાં ૪૨ પૈસાની રિકવરી

ડોલર સામે રૂપિયો આજે ઓલ ટાઈમ નીચી સપાટીથી રિકવર થયો હતો. કારોબારના અંતે ડોલર સામે રૂપિયો ૪૨ પૈસા રિકવર થઈને ૬૦.૮૮ની સપાટીએ રહ્યો હતો. સરકાર ડોલર સામે રૂપિયાની પડતીને રોકવા માટે આગામી દિવસોમાં કેટલાક નવા પગલા જાહેર કરનાર છે તેવી અપેક્ષાઓ વચ્ચે ડોલર સામે રૂપિયામાં રિકવરી નોંધાઈ હતી. નવેસરથી ડોલરના વેચાણના કારણે રૂપિયાને ફાયદો થયો હતો. નિકાસકારો દ્વારા ડોલરનું વ્યાપક વેચાણ કરવામાં આવ્યુ હતુ. રૂપિયો ઈન્ટરબેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં ૬૧.૩૦ના બંધ આંક સામે આજે સવારે ૬૧.૨૦ની સપાટીએ ખુલ્યો હતો. તે એક વખત ઘટીને ૬૧.૪૦ સુધી પહોંચ્યો હતો. ત્યારબાદ બાઉન્સ બેક થઈને ૬૦.૮૨ પર આવ્યો હતો. અંતે રૂપિયો ૬૦.૮૮ની સપાટીએ રહ્યો હતો એટલે કે તેમાં ૪૨ પૈસાનો સુધારો રહ્યો હતો. બુધવારના દિવસે રૂપિયો ૫૩ પૈસા ઘટીને બંધ રહ્યો હતો. આર્થિક બાબતોના સેક્રેટરી અરવિંદ માયારામે સંકેત આપ્યો છે કે સરકાર રૂપિયાને મજબુત કરવા વધુ પગલા લેનાર છે.

### કારણ એ 'મા' હતી (પાના નં. ૪ નું ચાલુ)

**આ વખતે નિશાન લેવાનો કોઇ મોકો ન મળ્યો. યોગ્ય નિશાન વિના ગોળી છોડું તો વાઘણ ચેતી જાય, કદાચ પાછી ન પણ આવે. મેં વાટ જોવાનું નક્કી કર્યું.**

**મને ખાત્રી હતી કે બચ્ચા માટે તે જરૂર આવવાની. આ વખતે લાંબો સમય રાહ ન જોવી પડી. થોડીવારમાં જ સરૂના ઝાડ નીચે, તરાપ મારવા પેંતરા ભરી ઉભેલી વાઘણ પર મારી નજર પડી ગઇ. તેની આંખ તો પાંજરા સામે મંડાયેલી હતી. તે ઉછળી - બરાબર એજ સમયે મેં રાઇફલ દાગી. ગોળી ઉછળતી વાઘણની ગર્દન આરપાર નીકળી ગઇ. વાઘણ લથડી પડી. એક ક્ષણ - તે પાછી ઉછળી તેના ગળામાંથી ભયંકર ત્રાડને બદલે કરૂણ આર્દ્ર પોકાર ઉઠ્યો. લથડતી વાઘણ પાંજરા સુધી પહોંચીને ઢળી પડી. તેની ગર્દનમાંથી રક્તધારા વહેલી હતી. પણ આંખ તો બચ્ચા તરફ જ મંડાયેલી હતી. બંને બચ્ચા પાંજરાના સળિયા પાસે આવી ઊભા. વાઘણ એક પ્રેમભર્યો હુકારો કર્યો. સાથોસાથ તેના આંચળમાંથી દૂધની શેડ વછૂટી. ઘણા લાંબા સમયથી સચવાયેલ ઘાવણે બચ્ચાને નવરાવી નાખ્યા.**

**વાઘણની એ નજર જોઇ... જો શિકાર કરવાનું છોડી દીધું. મેં 'માતા'ને મારી તેનો પસ્તાવો થયો. વાઘણ મોતનાં ડર છોડી પાંજરા આગળ આવી કારણ એ... 'મા' હતી.**

**(મૂળમાં ભાષાફેર સાથે)**

**નોંધ :**

**જેમ્સ શિકારી નામ લગભગ છે. વાઘની શિકારની તેની કથાઓ જાણીતી છે.**

## છેલ્લા એક વર્ષના ગાળામાં મોલમાં તીવ્ર વધારો થયો છે

નવી દિલ્હી,તા. ૮

**ભારતના રિયાલિટી સેક્ટરમાં હાલમાં મંદી પ્રવર્તી રહી છે. પરંતુ આના કારણે દેશમાં થઇ રહેલા મોલના નિર્માણ પર કોઇ અસર થઇ નથી. તાજેતરના સમયમાં મોલમાં ખરીદી કરનાર લોકોનો ક્રેઝ વધી રહ્યો છે તેવા સમયમાં ભારતીય રિયાલિટી સેક્ટરમાં મંદી હોવા છતાં મોલના નિર્માણમાં વધારો થયો છે. આંકડા આ અંગેની માહિતી આપે છે. એક અગ્રણી અંગ્રેજી અખબારે માહિતી આપતા કહ્યું છે કે મે ૨૦૧૩ના ાંકડા મુજબ દેશમાં ઓપરેશનલ રહેલા મોલની સંખ્યા ૫૭૦ હતી. જે ૧૮૦ મિલિયન સ્ક. ફુટ વિસ્તારમાં રહેલા છે. જ્યારે આ મોલની સંખ્યા પાંચ વર્ષ અગાઉ ૨૨૫ જેટલી હતી. આનો મતલબ એ થયો છે કે દેશમાં મોલના નિર્માણમાં જોરદાર તેજી રહી છે. સાત મેટ્રો શહેરોની વાત કરવામાં આવે તો ૧૯૦ મોલ ઓપરેસનલ સ્થિતીમાં છે. જો કે છેલ્લા એક વર્ષના ગાળામાં જ ભારતમાં ૬૦થી વધારે નવા મોલ ખુલી ગયા છે. બેંગલોર સ્થિત એસીપેક દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે.**

**વર્ષ ૨૦૦૮ બાદથી મોલની સંખ્યામાં માત્ર બે ગણો વધારો જ થયો નથી બલ્કે દેશના ટોપ ૧૫ મોલમાં સરેરાશ એરિયા છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં ૪૦ ટકા સુધી વધી ગયો છે. સરેરાશ એરિયા ૬.૧૭ લાખ સ્કવેચર ફુટથી વધીને ૮.૬૬ લાખ સ્કવેચર ફુટ થઇ જતા આને લઇને પણ ભારે ચર્ચા રહી છે. મળેલી માહિતી મુજબ રાહેજા અને ફોનિક્સ, ડીએલએફ અને પ્રેશટિજ જેવા ડેવલપર્સ મોટા પાયે મોલની પ્રવૃતિમાં રહ્યા છે. ઉદ્યોગજગત સાથે જોડાયેલા નિષ્ણાંત લોકોનુ કહેવુ છે કે લોકો હવે મોટા મોલ પર પ્રથમ પસંદગી ઉતારે છે. જેમાં વધારે બ્રાન્ડ જોવા મળે છે. એક જ છત હેઠળ તમામ ચીજ વસ્તુઓ મળી જાય તેવી જગ્યાએ લોકો હવે ખરીદી કરવાનુ પસંદ કરે છે આ જ કારણસર દેશમાં રિયાલિટી સેક્ટરમાં મંદી હોવા છતાં મોલના નિર્માણમાં વધારો થયો છે. રિટેલ માર્કેટમાં ઉતારચઢાવની સ્થિતી અકબંધ રહી છે.**

## સુપ્રીમના ચુકાદાનું બસપ દ્વારા સ્વાગત

અપ્રમાણ સંપત્તિ કેસમાં સીબીઆઈ તપાસ ફરી શરૂ કરવાની માંગ કરતી અરજીને સુપ્રીમ કોર્ટે આજે ફગાવી દીધા બાદ બહુજન સમાજ પાર્ટીએ સુપ્રીમના આ નિર્ણયનું સ્વાગત કર્યુ હતુ. બહુજન સમાજ પાર્ટીએ દાવો કર્યો છે કે આ ચુકાદાથી માયાવતીને રાહત થઈ છે.

માયાવતીના વકીલ સતીશચંદ્ર મિશ્રાએ કહ્યુ હતુ કે ભૂતપૂર્વ મુખ્યમંત્રી માયાવતી સામે સીબીઆઈ દ્વારા ગેરકાયદે ડીએ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. પરંતુ હવે વાસ્તવિકતા સ્પષ્ટ થઈ ગઈ છે. રાજકીય દ્વેશભાવથી આ કેસ દાખલ કરાયો હતો. સમિક્ષા અરજી પર ચુકાદો આવ્યા બાદ બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીના વકીલ મિશ્રાએ દાવો કર્યો. આનો મતલબ એ થયો કે ડીએ કેસમાં માયાવતી સામે કાયદાકીય ગુંચવણનો અંત આવ્યો છે. સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે છઠ્ઠી જુલાઈના દિવસે માયાવતી સામે નવ વર્ષ જૂના અપ્રમાણ સંપત્તિ કેસને રદ કર્યો હતો.

## અપ્રમાણ સંપત્તિ કેસમાં અંતે માયાવતીને મોટી રાહત મળી

નવી દિલ્હી,તા. ૮

ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન અને બહુજન સમાજ પાર્ટીના નેતા માયાવતીને આજે મોટી રાહત થઈ હતી. કારણ કે સુપ્રીમ કોર્ટે તેમની સામે સમગ્ર દેશમાં ભારે ચકચાર જગાવનાર નવ વર્ષ જુના અપ્રમાણ સંપત્તિ કેસમાં સીબીઆઇ તપાસને ફરી શરૂ કરવાનો ઈન્કાર કર્યો હતો. તેનો ચુકાદો આપતા સુપ્રીમ કોર્ટે માયાવતી સામે અપ્રમાણ સંપત્તિ કેસને રદ કરવાના તેના અગાઉના આદેશની સમીક્ષા કરવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે માયાવતી અંગે તેનો ચુકાદો અગાઉનો તાજ કોરિડોર સુધી મર્યાદિત હતો. અન્ય પાસાઓમાં ધ્યાન અપાયુ ન હતુ. જસ્ટીસ પી. સથાશિવમ અને દિપક મિશ્રાની બનેલી બેંન્ચે તેના પોતાના ચુકાદાની સ્પષ્ટતા કરતા આ આદેશ કર્યો હતો. બેંચે કહ્યુ હતુ કે અમે પુનરોચ્ચાર કરી રહ્યા છીએ કે અમારો નિર્ણય તાજ કોરિડોર કેસ પર આધારિત હતો. બહુજન સમાજ પાર્ટી દ્વારા પણ આ ચુકાદાનું સ્વાગત કરાયુ છે.

આ બેંચે અગાઉ કેટલાક તારણો આપ્યા હતા. સુપ્રીમની બેંચે અગાઉ સ્પષ્ટતા કરી હતી કે માયાવતી સામે તપાસ કરવા સીબીઆઇ સ્વતંત્ર છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે માયાવતી અંગે આ મુજબનો આદેશ તાજ કોરિડોર કેસ સાથેના સંબંધમાં હતો. કોર્ટે અન્ય કોઈ પાસા પર ધ્યાન આપ્યું ન હતુ. પહેલી મેના દિવસે તેનો ચુકાદો અનામત રાખીને બેંન્ચે કહ્યું હતું કે આ કેસમાં એફઆઇઆર રદ કરવામાં આવી છે. કારણ કે સીબીઆઇએ તેના આદેશને યોગ્ય રીતે સમજ્યા વગર માયાવતી સામે કાર્યવાહી કરી હતી. આ તેનો આદેશ માત્ર તાજ કોરીડોર કેસ સાથે જ મર્યાદિત હતો. મંજૂરી વગર સરકાર દ્વારા ૧૭ કરોડ રૂપિયા જારી કરી દેવા સાથે સંબંધિત મામલે માયાવતી કેસનો સામનો કરી રહ્યા છે. કોર્ટે કહ્યું છે કે આ ચુકાદાથી અલગ અપ્રમાણ સંપત્તિ કેસમાં માયાવતીની સામે ચાલી રહેલી તપાસથી સીબીઆઇની સત્તા આંચકી લેવામાં આવી નથી.